| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

તા.૨૪/૦૬/૨૦૨૦ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**

**સમાચાર યાદી નં.૧૦૨૨/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૩/૦૬/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૮૮૮૭ | ૭ | ૮૮૯૪ | ૧૪૯૫૨ | ૭ | ૧૪૯૫૯ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPC અને The Epidemic Disease Act 2005 | ૪૨૫૧ | ૨ | ૪૨૫૩ | ૫૭૬૭ | ૨ | ૫૭૬૯ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૩૮ | ૦ | ૩૮ | ૨૦૦ | ૦ | ૨૦૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૯૨૬૫ | ૬૨ | ૯૩૨૭ | ૧૦૧૯૨ | ૬૨ | ૧૦૨૫૪ |
| કુલ | | ૨૨૪૪૧ | ૭૧ | ૨૨૫૧૨ | ૩૧૧૧૧ | ૭૧ | ૩૧૧૮૨ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૦૭ | ૨૩૧૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૮૬૦ | ૧,૭૨,૦૦૦/- |

# નાસતા ફરતા આરોપીની અટકાયતની વિગત

## પોલીસ સ્ટેશન :-

## મેહફીલના ગુનાના નાસતા-ફરતા આરોપી ને પકડી પાડતી સરદારનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર સાહેબ શ્રી સેક્ટર-૨ નાઓ તથા નાયબ પોલીસ કમીશ્નરશ્રી ઝોન-૦૪ સાહેબ તથા મદદનીશ પોલીસ.કમીશ્નરશ્રી " જી" ડીવીજન સાહેબ નાઓ તરફથી નાસતા-ફરતા આરોપીઓ પકડવાની તેમજ મિલકત સંબધી ગુન્હાઓ શોધી કાઢવા કરેલ સુચના અનુશંધાને પોલીસ ઇન્સપેકટર એચ.બી.પટેલ સરદારનગર પોલીસ સ્ટેશન નાઓની સુચના તથા માર્ગદર્શન આધારે સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ એમ.જી.ઢોડીયા તથા સ્ટાફ ના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન સાથેના પો.કો.કિરણકુમાર ચંદુલાલ બ.ન. ૫૭૭૦ તથા પો.કો.પ્રજ્ઞેશ કાનજીભાઇ બ.ન. ૫૮૭૭ નાઓને સંયુક્ત ખાનગી બાતમી હકિકત મળેલ કે " એક નાસતો ફરતો આરોપી જોની વિજયભાઇ ગાંગડેકર નાનો કુબેરનગર કેકાડીવાસના નાકા પાસે ઉભો છે " જે બાતમી હકીકત આધારે સરદારનગર પોલીસ સ્ટેશન પ્રોહી.ગુ.ર.નં-૬૫૨૨/૨૦૧૯ ધી પ્રોહિ. એક્ટ કલમ ૬૬(૧)(બી), ૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૬૮, ૭૫(એ), ૮૫(૧)(૩) મુજબના ગુન્હાના કામનો નાસતો ફરતો આરોપી જોની વિજયભાઇ ઉર્ફે વિજેશ ગાંગડેકર ઉ.વ.૨૩ રહે-અર્જુનનગર સોસાયટી સામે છારાનગર રોડ કુબેરનગર અમદાવાદ શહેર નાને તા-૨૧/૦૬/૨૦૨૦ ના કલાક ૨૦/૩૦ વાગે પકડી અટક કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

**આરોપી:-** જોની વિજયભાઇ ઉર્ફે વિજેશ ગાંગડેકર ઉ.વ.૨૩ રહે-અર્જુનનગર સોસાયટી સામે છારાનગર રોડ કુબેરનગર અમદાવાદ શહેર

**કામગીરી કરનાર અધીકારી / કર્મચારી ;-** (૧) પોલીસ ઇન્સપેકટર એચ.બી.પટેલ (૨) પોલીસ સબ ઇન્સપેકટર એમ.જી.ઢોડીયા (૩) અ.હે.કો.અનીલ બાલકુષ્ણ બ.ન.૩૯૧૭ (૪) પો.કો.કિરણકુમાર ચંદુલાલ બ.ન. ૫૭૭૦ (૫) પો.કો.પ્રજ્ઞેશ કાનજીભાઇ બ.ન. ૫૮૭૭ વિગેરે.



## સરદારનગર પોલીસ સ્ટેશન :-

## બાઇક ચોરીના ગુનાના નાસતા-ફરતા આરોપીને પકડી પાડતી સરદારનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર સાહેબ શ્રી સેક્ટર-૨ નાઓ તથા નાયબ પોલીસ કમીશ્નરશ્રી ઝોન-0૪ સાહેબ તથા મદદનીશ પોલીસ.કમીશ્નરશ્રી " જી" ડીવીજન સાહેબ નાઓ તરફથી નાસતા-ફરતા આરોપીઓ પકડવાની તેમજ મિલકત સંબધી ગુન્હાઓ શોધી કાઢવા કરેલ સુચના અનુશંધાને પોલીસ ઇન્સપેકટર એચ.બી.પટેલ સરદારનગર પોલીસ સ્ટેશન નાઓની સુચના તથા માર્ગદર્શન આધારે સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ એમ.જી.ઢોડીયા તથા સ્ટાફ ના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન સાથેના પો.કો.કિરણકુમાર ચંદુલાલ બ.ન. ૫૭૭૦ તથા પો.કો.પ્રજ્ઞેશ કાનજીભાઇ બ.ન. ૫૮૭૭ નાઓને સંયુક્ત ખાનગી બાતમી હકિકત મળેલ કે " એક નાસતો ફરતો આરોપી ગીરીશ ઉર્ફે ગીરીયો ઠાકોર રાજાવીર સર્કલ પાસે ઉભો છે " જે બાતમી હકીકત આધારે સરદારનગર પોલીસ સ્ટેશન ફસ્ટ.ગુ.ર.નં- ૨૫/૨૦૧૯ ઇ પી કો કલમ- ૩૭૯, ૧૧૪ મુજબના ગુન્હાના કામનો નાસતો ફરતો આરોપી ગીરીશ ઉર્ફે ગીરીયો ભુરાજી ઠાકોર ઉ વ - ૨૦ રહે ઠાકોરવાસ રાજાવીર સર્કલ પાસે કુબેરનગર સરદારનગર અમદાવાદ શહેર નાને તા-૨૧/0૬/૨૦૨૦ ના કલાક ૨૦/00 વાગે પકડી અટક કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

**આરોપી:-** ગીરીશ ઉર્ફે ગીરીયો ભુરાજી ઠાકોર ઉ વ - ૨૦ રહે ઠાકોરવાસ રાજાવીર સર્કલ પાસે કુબેરનગર સરદારનગર અમદાવાદ શહેર

**કામગીરી કરનાર અધીકારી / કર્મચારી ;-** (૧) પોલીસ ઇન્સપેકટર એચ.બી.પટેલ (૨) પોલીસ સબ ઇન્સપેકટર એમ.જી.ઢોડીયા (૩) અ.હે.કો.અનીલ બાલકૃષ્ણ બ.ન.૩૯૧૭ (૪) પો.કો.કિરણકુમાર ચંદુલાલ બ.ન. ૫૭૭૦ (૫) પો.કો.પ્રજ્ઞેશ કાનજીભાઇ બ.ન. ૫૮૭૭ વિગેરે.



## <u>નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૦૨૩/૨૦૨૦</u>

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૯ કેસ કરી, ૧૭ વ્યક્તિઓને ઝડપી, ૨૧૪ લીટર દેશી દારૂ, ૪૫ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૧૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૪,૦૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## <u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૦૨૪/૨૦૨૦</u>

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૨૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## <u>છેતરપીંડીની ફરીયાદઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૦૨૫/૨૦૨૦</u>

**વસ્ત્રાપુરઃ** અભિષેકભાઇ દિનેશભાઇ પટોળીયા (ઉ.વ.૨૪) (રહે. દેવકૃપા-૧ એપાર્ટમેન્ટ ગંગોત્રી સર્કલ પાસે નિકોલ) એ તા.૨૩/૦૬/૨૦૨૦ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે ડીસેમ્બર/૨૦૧૯ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન મેમનગર ગુરુકુળ રોડ સોનલ સોસાયટી કોમ્પ્લેક્ષમા આવેલ ઓફીસ નં-બી/૨૦ ખાતેથી આરોપી મયુરભાઇ હરીલાલ ચૌહાણ (ઓફીસનુ સરનામુ- બી-૧૧૨ બિઝનેસ પાર્ક પીડીપીયુ રોડ ગાંધીનગર) નાઓએ અભિષેકભાઇને બીઝનેસ લોન કરી આપવાનુ કહી અભિષેકભાઇને વિશ્વાસમા લઈ રૂપિયા ૭૭,૫૧૩/- મેળવી લઈ વિશ્વાસઘાત છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એલ.રબારી ચલાવે છે.

**ઇસનપુરઃ** પારૂન રંગભદ્રભાઇ જૈન (ઉ.વ.૪૫) (રહે. રસીક પાર્ક જયમાલા રોડ ઇસનપુર)) એ તા.૨૩/૦૬/૨૦૨૦ ના રોજ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૦૫/૨૦૨૦ બપોરના ૪/૪૫ થી રાતના ૯/૪૦ વાગ્યા દરમ્યાન આરોપી મોબાઇલ નંબર ૯૩૩૦૭૨૦૭૭૫ ના ધારકે પારૂન જૈનના મોબાઈલ ફોન પર ફોન કરી પોતે પેટીએમ કે.વાય.સી.કસ્ટમર કેર માંથી બોલતા હોવાનુ જણાવી પારૂન જૈનનુ પેટીએમ કે.વાય.સી અપડેટ કરવાનુ કહી પારૂન જૈનનો ફોન હેક કરી પારૂન જૈનના મોબાઇલમાં ટીમવ્યુઅર ડાઉનલોડ કરાવી પારૂન જૈનના પેટીએમ સાથે લીંક કરી પારૂન જૈનરા બેન્ક બે ખાતામાંથી કુલ રૂપિયા ૨,૦૫,૦૦૦/- ઓનલાઈન ઉપાડી લઈ વિશ્વાસઘાત છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.એમ.સોલંકી ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૦૨૬/૨૦૨૦**

**ચાંદખેડાઃ** હર્ષ જીગ્નેશભાઈ પટેલ (રહે. સંસ્કૃત ફ્લેટ અશોક વિહાર સર્કલ પાસે ચાંદખેડા) એ તા.૨૩/૦૬/૨૦૨૦ નારોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા-૨૨/૦૬/૨૦૨૦ ના ક.૧૯/૦૦ થી તા.૨૩/૦૬/૨૦૨૦ના ક.૯/૩૦વાગ્યાના સમય ગાળામા સંસ્કૃત ફ્લેટના નીચે આવેલ દુકાન શીવ ઓટો કંસલ્ટ નામની ઓફીસમા શટર ના તાળા તોડી અજાણી વ્યક્તિ પ્રવેશ કરી વરના ગાડી નંબર જીજે ૦૧ કેએચ ૦૦૨૯ કિમત રૂપિયા ૩,૫૦,૦૦૦/- ની ચાવી તેમજ મારૂતી સ્વીફ્ટ ગાડી નંબર જીજે ૦૧ આરઝેડ ૧૯૮૨ ની ઓરીજનલ RC બુક તથા જરૂરી કાગળો તથા ઓફીસમા મુકેલ સી.સી.ટી વી કેમેરાનુ ડીવીઆર લઈ ઓફીસ સામે પાર્ક કરેલ વરના ગાડી ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જી.વી.ચૌધરી ચલાવે છે.

**વાસણાઃ** રમેશભાઇ ચુનીલાલભાઇ પુરોહિત (રહે. સુગમ જ્યોતિ ફ્લેટ ધનંજય ટાવર સામે સચીન ટાવરની ગલીમા આનંદનગર) એ તા.૨૩/૦૬/૨૦૨૦ નારોજ વાસણા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૫/૦૬/૨૦૨૦ કલાક ૧૦/૦૦ વાગે વાસણા રજવાડુ હોટલની સામે હરિહરાનંદ ટેનામેન્ટ ખાતે આવેલ ફાઇવ સ્ટાર કેટરીંગ નામની પોતાની ઓફિસની બારીની ગ્રીલ તોડી અજાણી વ્યક્તિ પ્રવેશ કરી ચીજ-વસ્તુ મળી કુલ રૂપિયા ૩૮,૫૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.જે.જાડેજા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૦૨૭/૨૦૨૦**

**કૃષ્ણનગરઃ** ટીનાબહેન ડો/ઓ બચુભાઇ પટણી (ઉ.વ.૧૭) (રહે.વસંતનગરના છાપરાં કલાસાગર કોમ્લેક્ષ પાછળ ઠક્કરનગર) એ અગમ્ય કારણસર તા.૨૩/૦૬/૨૦૨૦ સાજના ૭/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે લાકડાની વળી સાથે દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એન.એસ.સાકરીયા ચલાવે છે.

જીઆઈડીસી વટવાઃ અમિતભાઇ કાન્તીભાઇ પટેલ (ઉ.વ.૪૯) (રહે. કર્ણાવતી પાર્ક સોસાયટી બરોડા એક્સપ્રેસ સીટીએમ અમરાઇવાડી) પત્ની રિસામણે હોઈ તેમજ નિઃસંતાન હોઈ તેમજ માનસીક તકલીફના લીધે તા.૨૩/૦૬/૨૦૨૦ કલાક ૧/૨૦ વાગ્યાના સુમારે જીઆઇડીસી વટવા ઘોડાસર પુનીતનગર ક્રોસિંગ નજીક ટ્રેનની અડફેટે આવતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે જીઆઈડીસી વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી કુલાભાઇ ભુરાભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી